# ખેડબ્રહ્મામાં માતા-પુત્રીએ સગાભાઈનું મકાન ખોટા દસ્તાવેજ બનાવી પડાવી લીધું

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મામાં મૂળ માલિકની જાણ બહાર અને સંમતિ વગર બનાવટી દસ્તાવેજના આધારે રહેણાંક મકાનની સીટી સર્વે કચેરીમાં નોંધ કરાવી લેતા ત્રણ મહિલાઓ સહીત ચાર વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ખેડબ્રહ્માની ગાયત્રી સોસાયટીના રહીશ અને હાલમાં મુંબઈમાં રહેઠાણ ધરાવતા સુધીરકુમાર ઉમીયાશંકરનું પિતાના અવસાન બાદ વારસાઈથી મળેલ મકાન અને સીટી સર્વે કચેરીમાં તેમનું નામ દાખલ પણ થયું હતું. આ મકાન તેમની માતા અને બહેને તેમની જાણ બહાર અને સંમતિ વગર વેચાણ આપી દેવાની જાણ થતા તેઓ ચોકી ગયા હતા.

તાજેતરમાં ગોમતીવાડ બ્રાહ્મણ સમાજનો સમૂહલગ્ન સમારોહ યોજાયો હતો ત્યારે ખેડબ્રહ્મામાં આવેલા સુધીરકુમાર એક અઠવાડિયું ખેડબ્રહ્મામાં રહ્યા હતા. ત્યારે સીટી સર્વે નંબર ૨૯૯૦ ની ૩૧૮૭૯ ચો.મી. જમીન ઉપર આવેલુ મકાન જેનો પાલિકા નંબર ૧૦-૨-૭૯ છે તે મકાન તેમની માતા વિરમતીબેન ઉમીયા શંકર જોષી તથા બહેન મીનાબેન અતુલકુમાર જોષીએ ખેડબ્રહ્માના પારૂલબેન અતુલકુમાર પટેલને ગેરકાયદેસર કાવતરૂ રચી તેમની જાણ કે સંમતિ વગર બારોબાર વેચાણ આપી દીધુ હતુ.

સુધીરકુમારની ખોટી સહી કરી ખોટુ સંમતિપત્ર ઉભું કરવામાં ખેડબ્રહ્માના પટેલ શાંતિલાલે મદદ કરી ગેરકાયદેસર કૃત્ય કરી મૂળ માલિકનો હક્ક જતો કરવાનું કાવતરૂ રચ્યું છે. જેના સીટી સર્વે કચેરીમાંથી બનાવટી દસ્તાવેજ મેળવવામાં આવ્યા છે.

આ અંગે સુધીરકુમાર જોષીએ તેમની માતા વિરમતીબેન જોષી તથા બહેન મીનાબેન જોષી, પારૂલબે અતુલભાઈ પટેલ તથા શાન્તિલાલ વિઠ્ઠલદાસ પટેલ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. જી.આર. વાઘેલા ચલાવી રહ્યા છે.




કાંકરેજ તાલુકાના મંગળપુરા ગ્રામ પંચાયતની સામે રોડ ઉપર આવેલ આંગણવાડી કેન્દ્ર બિસ્માર હાલતમાં નજરે પડે છે. જ્યાં રોજનાં ૨૫ થી ૩૦ બાળકો આ આંગણવાડી કેન્દ્રમાં આવે છે. આ આંગણવાડી કેન્દ્રના તેડાગર શ્રીમતી નાનુબેન ઠાકોરે જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષથી આવી ખરાબ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. ઉપરના ભાગના પતરાં પણ ફૂટી ગયેલા જણાય છે તેમજ તળીયામાં લાટી કે પ્લાસ્ટર પણ કરેલ નથી અને બાજુમાં જ શૌચાલય બનાવેલ છે તે પણ ખરાબ હાલતમાં બંધ પડેલ છે અને ગંદકીમાં ગરકાવ થયેલ જણાય છે. આ આંગણવાડી કેન્દ્રના દરવાજા ઉપર આઈ.સી.ડી.એસ. કેન્દ્ર ખંડ-૨ હરિકૃષ્ણ નડિયાદ નામની તકતી લગાવેલ છે તેમજ જિલ્લા આયોજન મંડળ પાલનપુર અને ૧૯૯૪/૯૫ પોષક આહાર કેન્દ્ર ૧૫ ટકાની તક્તીઓ લગાવેલ છે તો સરકારી અધિકારીઓ દ્વારા ની જાતે જઇ તપાસ કરી ઘટતું કરે તેવો જનમત છે. આ કેન્દ્રમાં વિજળીનું મીટર લગાવેલ છે પરંતુ રૂમમાં પંખા કે ટ્યૂબ લાઈટની, પીવાના પાણીની કોઈ જ સગવડ નથી તો તાલુકા વિકાસ અધિકારી સાહેબ સ્થળ પર આવીને તપાસ કરશે ખરા ? (તસવીર : હેમુભા વાઘેલા)

# સાબરકાંઠા જિલ્લાના રાજેન્દ્રનગરના આંગણે વિદેશી હીરાની ચમક



હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના રાજેન્દ્રનગર ગામમાં આર્થિક રીતે પછાત એવા બક્ષીપંચ અને મોટાભાગે આદિજાતિ વસતિના કુટુંબો વસવાટ કરે છે. જ્યાં અગાઉ ગામના પુરૂષો હિરા ઘસવાની રોજગારી માટે મુંબઈ, સુરત અને અમદાવાદમાં સ્થળાંતર કરવુ પડતું હતું. પરંતુ ગામના યુવાનોએ ગામમાં હિરાઘસવાનું નાનું કારખાનું ઉભુ કરી સ્વરોજગારીની દિશામાં સ્વમાનભેર પગરવ માંડ્યા છે.



ગામમાં ઉભી થયેલી રોજગારીની તકની વાત કરતા મનુભાઈ પંચાલ જણાવે છે કે, ચાર પાંચ વર્ષ અગાઉ ગામના યુવાનો છૂટક મજૂરી કે અન્ય રાજ્ય અને જિલ્લા બહાર જઈને કામની શોધ કરતા હતા. જો કે બહાર જઈને કામ કરનારા ગામના યુવાનો મોટાભાગે હિરા ઘસવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. પરંતુ ત્યા મુશ્કેલીઓનો પાર ન હતો, વળી, રાત દિવસની કાળી મજૂરી કર્યા પછી પણ નજીવુ વેતન અને વધારામાં શેઠીયાનો ઠપકો સાંભળવા મળતો હતો.

પરંતુ બદલાયેલા આ જીવનચક્રની વાત હર્ષભેર જણાવતા મનુભાઈ કહે છે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કચેરીના સહયોગથી આજે ગામમાં હિરા ઘસવાના કારખાનાની નાના પાયે શરૂઆત કરી, એક માલિક, નોકર અને ત્રણ રત્નકલાકારોથી પ્રારંભ થયેલા કારખાનામાં આજે ૩૦થી વધુ બેરોજગારોને સ્વરોજગારી આપી રહ્યું છે.

શરૂઆતમાં કારખાના માટેના વીજ પ્રવાહનો પ્રશ્ન ઉભો થયો પરંતુ ખાનગી સંસ્થા મારફતે સોલાર પેનલ ઉભી કરાઈ અને હિરાઘસુઓના આર્થિક સહયોગથી કાયમી વિજ પ્રવાહના સમસ્યાનું નિરાકરણ લાવ્યા. ૨૪ કલાક વીજળી મળવાના કારણે રત્નકલાકારોના ઉત્સાહમાં વધારો થયો. શરૂ શરૂમાં અમદાવાદ અને પાલનપુરમાંથી નાના હિરાઓ લાવી કામ ચાલુ કર્યો.

પરંતુ આજે સુરત અને મુંબઈના ડાયમંડ બજાર સુધી રાજેન્દ્રનગરના કારીગરોએ ઘસેલા રફ, કાચા અને વિલાયતી હિરાઓની માંગ રહે છે. પ્રત્યેક રત્નકલાકારો દિવસના રૂ. ૨૦૦ થી ૫૦૦ની કમાણી કરી લે છે. વળી, આસપાસના ગામોને પણ ખબર પડતા તેઓ પણ હિરા ઘસવાના કારખાનામાં જોડાયા છે.

સાબરકાંઠા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર જણાવે છે કે સુરત, અમદાવાદ જેવા મોટા શહેરોમાં મંદીના સમયમાં બેકાર થયેલા રત્નકલાના કારીગરોએ પોતાના વતનમાં આવી આવા નાના પાયે હિરાના કારખાના શરૂ કરીને બેરોજગારો માટેરોજગારીની નવી તકો ઉભી કરી છે. હાલમાં સાબરકાંઠા જિલ્લામાં ૫૦ થી મૃતપાય થયેલા કારખાના કલાના કસબીઓથી ધમધમી ઉઠ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના મોડાસા, ઈડર અને હિંમતનગર જેવા શહેરોમાં ઉભા થયેલા કારખાનામાં ઉત્પાદન થયેલ માલની માંગ મોટા શહેરોમાં રહે છે જેના પરથી તો હાલ એવું જ લાગે છે કે ભવિષ્યમાં આ નાના શહેરો મીની ડાયમંડ સીટી તરીકે ઓળખ ઉભી કરે તો નવાઈની વાત નહી હોય.

# હિંમતનગરમાં ગુજકેટની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

હિંમતનગર, તા.૫

રાજયમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ડિગ્રી, એન્જીનીયરીંગ, ડિપ્લોમાં, ફાર્મસી તથા તબીબી પ્રવાહમાં પ્રવેશ માટે ગુજરાત સરકાર દ્વારા પ્રતિ વર્ષ ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) લેવામાં આવે છે. પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગુજકેટની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ૧૮ કેન્દ્રો પરથી ગુજકેટની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી.

હિંમતનગરના ૧૮ કેન્દ્રો પર યોજાયેલી ગુજકેટની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ગણિત વિષયમાં ૨૫૦૮ હાજર રહ્યા હતા જયારે ૧૭ ગેરહાજર રહ્યા હતા. જીવવિજ્ઞાન વિષયમાં ૧૯૬૪ હાજર અને ૧૨ ગેરહાજર અને રસાયણશાસ્ત્ર વિષયમાં ૪૪૬૩ હાજર તથા ૨૬ ગેરહાજર રહ્યા હતા. આમ કુલ ૮૯૦૫ વિદ્યાર્થીઓમાંથી ૫૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા અને કુલ ૮૮૫૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હોવાનું જાણવા મળ્યું હતું.

ગુજકેટની પરીક્ષાના સુચારૂં સંચાલન માટે પરીક્ષા કેન્દ્રોની ચારે બાજુ કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે પરીક્ષા પૂર્ણ થઈ હતી.

# સાબરકાંઠા જિલ્લાના ૧૦ તાલુકાનાં જનસેવા કેન્દ્રોમાં બારકોડેડ રેશનકાર્ડ તૈયાર કરવાની કામગીરી શરૂ

હિંમતનગર, તા. ૫

ગુજરાત રાજ્ય અન્ન અને પુરવઠા નિગમ દ્વારા બારકોડેડ રેશનકાર્ડ આપવાના નિર્ણય બાદ એજન્સી મારફતે બારકોડેડ રેશન કાર્ડની કામગીરી હાથ ધરવામાં આવી હતી. એજન્સી દ્વારા ડેટા એન્ટ્રીનું કામ પૂર્ણ થતાં રેશનીંગના દુકાનદારોને ઓનલાઈન પરમીટ ઈસ્યુ કરવામાં આવી રહ્યા છે. પુરવઠા વિભાગ દ્વારા ઝડપથી લોકોને બારકોડેડ રેશનકાર્ડ મળી રહે તે માટેનું આયોજન ગોઠવી શહેરી વિસ્તારો માટે જનસેવા કેન્દ્રો મારફતે ઈ.ટી.વી.ટી.થી રેશનકાર્ડ કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લાના ૧૦ તાલુકાના જનસેવા કેન્દ્રોમાં રેશનકાર્ડ કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારો માટે ટૂંક સમયમાં ઈ-ગ્રામ સેન્ટરો દ્વારા રેશનકાર્ડ કાઢવાની કામગીરી ચાલુ કરવામાં આવનાર છે.

સાબરકાંઠા જિલ્લામાં ૪.૪૦ લાખ રેષનકાર્ડ ધારકોને બારકોડેડ રેશનકાર્ડ આપવા માટે પુરવઠા વિભાગની દેખરેખ હેઠળ અસરકારક કામગીરી થઈ રહી છે. જિલ્લામાં તાલુકા દીઠ એક ગામને પાયલોટ પ્રોજેક્ટમાં સમાવેશ કરી ફીંગરપ્રિન્ટ સહિતના કાર્ડ અપાયા છે. તે ઉપરાંત દસ તાલુકા મથકે આવેલ જનસેવા કેન્દ્રોમાંથી પણ શહેરી વિસ્તારના કાર્ડધારકોને બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવી રહ્યા છે.

# આજે હનુમાન જયંતિના પર્વે ભક્તોમાં ભારે ઉત્સાહ



બનાસકાંઠા જિલ્લામાં હનુમાન જયંતિને લઈ હનુમાન ભક્તોમાં આનંદનો માહોલ છવાયેલ છે. ડીસા શહેરમાં રોકડીયા હનુમાન, ત્રણ હનુમાન, ઝધડીયા હનુમાન, કાળેશ્વર હનુમાન સહિત અનેક વિસ્તારોમાં હનુમાન જયંતિનું આયોજન કરવામાં આવે છે. જેમાં ત્રણ હનુમાન, ગાંધીચોક ખાતે આવેલા હનુમાનના મંદિરે રાત્રે ભજન સત્સંગ, ડાયરો, મહાપૂજા અને હવન તેમજ મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

# ચૈત્રી પૂનમ નિમિત્તે બેચરાજી મંદિરે માનવ મહેરામણ ઉમટ્યો

મહેસાણા, તા. ૫

મહેસાણા જિલ્લાનાં ચુવાળ પ્રદેશમાં આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ બેચરાજી ખાતે બહુચરાજી માતાજીના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે ચૈત્ર સુદ ૧૫ના રોજ ભરાતા લોકમેળાનો પ્રારંભ થતા દરરોજ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ તથા સંઘો માતાજીના દર્શનાર્થે આવી રહ્યા છે. જેથી બેચરાજીમાં ભક્તોની ભારે ભીડ ઉમટી છે.

ચૈત્રી પૂનમના મેળાને લઈ માતા પ્રાગટ્ય દિન નિમિત્તે ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાંથી ભાવિક ભક્તો દર્શનાર્થે આવી રહ્યા હોવાથી બેચરાજી તરફ જતા માર્ગો પર પગપાળા યાત્રિકો તેમજ સંઘો દ્વારા સમગ્ર માર્ગો જય બહુચરના નાદથી ગુંજી ઉઠ્યા છે. મેળા દરમિયાન બેચરાજીના માર્ગો પર ઘણી જગ્યાએ સેવા કેમ્પો ઉભા કરવામાં આવ્યા છે. ગત બુધવારથી શરૂ થયેલ મા ના મેળામાં અત્યાર સુધીમાં લાખો યાત્રિકો ત્રિપુરા સુંદરી બહુચર માતાના મંદિરે મા ના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. અને હજી આવતીકાલે શક્તિ ભક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ સમા ચૈત્રી પૂનમના રોજ લાખોની સંખ્યામાં ભાવિક ભક્તો અને સંઘો મા ના ધામમાં પધારી દર્શનનો લાભ લેશે.



કાંકરેજ તાલુકાના દુગ્રાસણ પાટીયાથી આગળ ગોળાઈમાં જતાં ટ્રેઈલર નં. આર.જે.૧૪-જીજી-૫૬૧૯નો ડ્રાઈવર સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં આ અકસ્માત સર્જાયો હતો. આ ટ્રેઈલર રાજસ્થાનના વ્યાવર શહેરથી મોરબી જઈ રહ્યું હતું. તેમાં સફેદ કલરનાં પાવડરની થેલીઓ ભરેલ હતી. ક્લીનરને પૂછતાં આયાવડર પાટા બનાવવાના કીમમાં વપરાય છે, તેમ જણાવ્યું હતું.

# ટ્રકની ટક્કરે સાઈકલસવાર કિશોરનું મોત

ધનસુરા, તા.૫

ધનસુરા તાલુકાના વડાગામમાં આવેલ સરકારી દવાખાના આગળ આજે બપોરે એક ટ્રક ચાલકે બેદરકારીપૂર્વક ટ્રક હંકારી સાઈકલ ચાલક કિશોરને અડફેટે લેતા જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાર વર્ષીય કિશોરનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજયું હતું.

મળતી માહિતી અનુસાર ધનસુરા તાલુકાના વડાગામમાં રહેતો ૧૨ વર્ષીય કિશોર નિલેષ વસંતભાઈ પરમાર આજે બપોરના સુમારે પોતાની સાઈકલ લઈ કામ અર્થે ગામના સરકારી દવાખાના આગળથી પસાર થઈ રહ્યો હતો દરમિયાન આ જ માર્ગ ઉપર પાછળથી આવતા ટ્રકના ચાલકે ટ્રક બેદરકારી પૂર્વક હંકારી સાઈકલ સવાર કિશોરને અડફેટે લેતા જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેથી કિશોર ઉછળીને માર્ગ ઉપર પટકાયો હતો. પરીણામે કિશોરને ગંભીર ઈજાઓ થઈ હતી અને તેનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નિપજયું હતું.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES CEAT APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩૩૩૩૪૩ |
| અહેમદઉલ્લા શેખ | મોડાસા | ૯૯૧૩૫૮૭૧૪૫ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| પ્રવિણભાઈ સોની | મેઘરજ | ૯૪૨૮૫૫૪૯૫૪ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૯૩૨૮૩૧૧૫૭૫ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧